# કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, નવસારી

મેજીસ્ટ્રેટ શાખા, જિલ્લા સેવા સદન, ૧લો માળ, કાલીયાવાડી, નવસારી
ફોન નં. : ૦૨૬૩૭-૨૪૮૦૯૯, ઈમેઈલ - collector-nav@gujarat.gov.in /dy.chitnis.navsari@gmail.com

નં.ડીસીબી/એમએજી/Covid-19/CrPC-૧૪૪/જાહેરનામું/વશી. ૬૫ થી ૧૦૪ / ૨૦૨૨ તા.૦૭/૦૧/૨૦૨૨

## " ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ જાહેરનામું "

વંચાણે લીધાં :-

(૧) ધ ગુજરાત એપિડેમીક ડીસીઝ COVID-19 રેગ્યુલેશન્સ, ૨૦૨૦ - આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક:જીપી-૯/એનસીવી/૧૦૨૦૨૦/એસ.એફ.એસ.૧-ગ, તા.૧૩.૦૩.૨૦૨૦ તથા તા.૨૩.૦૩.૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક : GP/13/NCV/102020/SF-1/G.

(૨) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૦૭.૦૧.૨૦૨૨

## -: જાહેરનામું :-

નોવેલ કોરોના વાયરસ (COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. ભારતમાં તથા ગુજરાતમાં કોરોના વાયરસના કેસોની પરિસ્થિતીને ધ્યાને લેતાં, ધ એપિડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ હેઠળ વંચાણે લીધેલ આમુખ-(૧) મુજબ ધ ગુજરાત એપિડેમીક ડીસીઝ COVID-19 રેગ્યુલેશન્સ, ૨૦૨૦ તા.૧૩.૦૩.૨૦૨૦ થી બહાર પાડવામાં આવેલ છે.

હાલે સમગ્ર દેશમાં COVID-19 ની અસરો ધ્યાને લેતાં, કેન્દ્રીય ગૃહ મંત્રાલયના હુકમથી કોરોના સંક્રમણને રોકવા અદ્યતન સૂચનાઓ આપવામાં આવેલ છે. જેના અનુસંધાને COVID-19 ના સંક્રમણની બાબતને ધ્યાનમાં લેતાં ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ નં.(૨) નાં હુકમથી રાજ્યમાં નીચે મુજબનાં કેટલાંક નિયંત્રણો તા.૦૮.૦૧.૨૦૨૨ થી તા.૧૫.૦૧.૨૦૨૨ સુધી અમલમાં મૂકવામાં આવેલ છે.

**વાસ્તે હું, કેતન પી. જોષી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૮.૦૧.૨૦૨૨ થી તા.૧૫.૦૧.૨૦૨૨ સુધી નીચે મુજબનાં નિયંત્રણો અમલમાં મુકું છું.**

| | | |
|---|---|---|
| ૧ | સમગ્ર રાજયમાં તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો તેમજ ધાર્મિક સ્થળો | ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે. |
| ૨ | લગ્ન પ્રસંગ | ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે.<br>લગ્ન પ્રસંગ માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણી કરાવવાની રહેશે. |
| 3 | અંતિમક્રિયા / દફનવિધી | મહત્તમ ૧૦૦ (એકસો) વ્યક્તિઓની મંજુરી |
| ૪ | પબ્લિક તથા પ્રાઇવેટ બસ ટ્રાન્સપોર્ટ | નોન. એ.સી. બસ સેવાઓ ૭૫ % ક્ષમતા સાથે (Standing not allowed)<br>જ્યારે એ.સી. બસ સેવાઓ મહત્તમ ૭૫% પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે. બસ ટ્રાન્સપોર્ટ સેવાઓને રાત્રિ કર્ફ્યુમાંથી મુક્તિ આપવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| ૫ | સિનેમા હોલ | બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે. |
| ૬ | જીમ | સમાવેશ ક્ષમતાના ૫૦% થી ચાલુ રાખી શકાશે. |
| ૭ | વોટર પાર્ક તથા સ્વિમીંગ પુલ | ક્ષમતાના મહત્તમ ૫૦% સાથે ચાલુ રાખી શકાશે. |
| ૮ | વાંચનાલયો | બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે. |
| ૯ | ઓડિટોરિયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો | બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે. |
| ૧૦ | જાહેર બાગ-બગીચાઓ | રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી |
| ૧૧ | ધો.૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધીના કોચીંગ સેન્ટરો / ટ્યુશન કલાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક / ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચિંગ સેન્ટરો | સ્થળની ક્ષમતાના મહત્તમ ૫૦% વિદ્યાર્થીઓ સાથે |
| ૧૨ | શૈક્ષણિક સંસ્થાઓ | શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સૂચનાઓને આધિન ચાલુ રાખી શકાશે. |
| ૧૩ | શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક / ભરતી અંગેની પરીક્ષાઓ | કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે યોજી શકાશે. |
| ૧૪ | સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ / સ્પોર્ટ્સ સ્ટેડીયમ / સંકુલમાં રમતગમત | પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગરચાલુ રાખી શકાશે. |

ઉપરોકત તમામ આર્થિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓ માટે વેક્સિનના બે ડોઝ ફરજિયાત રહેશે.

❖ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૭.૧૨.૨૦૨૧ ના હુકમથી જાહેર કરવામાં આવેલ નીચે મુજબના National Directives for Covid-19નું સમગ્ર જિલ્લામાં તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

1. Face covering - Compulsory in public place, work place, during transport.
2. Social distancing - Individuals must maintain a minimum distance of 6 feet distance in public places. Shops will ensure physical distancing among customers.
3. Spitting in public place will be punishable with fine as per existing laws, rules or regulations.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ THE EPIDEMIC DISEASES Act, 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, The Disaster Management Act, 2005 ની જોગવાઇઓ હેઠળ કાનૂની કાર્યવાહીને પાત્ર થશે.

**-: અમલવારીનો સમયગાળો :-**

આ જાહેરનામું તા.૦૮/૦૧/૨૦૨૨ થી તા.૧૫/૦૧/૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

**-: વિસ્તાર :-**

આ જાહેરનામું નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.

## -: શિક્ષા :-

આ જાહેરનામાનાના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

## -: જાહેર વિજ્ઞપ્તિ :-

આ હુકમની બજવણી કરવી વ્યકિતગત રીતે શકય ન હોય એક તરફી હુકમ કરવામાં આવે છે તથા આ હુકમની જાહેરાત વર્તમાનપત્રોમાં, અખબારી યાદી રૂપે આપી તથા રેડીયો ટેલિવિઝન, કેબલ ટી.વી.નેટવર્ક તથા લોકો એકત્રીત થતાં હોય તેવી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડીને તથા રાજય સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.

આજરોજ તા.૦૭/૦૧/૨૦૨૨ ના રોજ મારી સહી અને મુદ્રા કરી આપી.

ADDITIONAL DISTRICT MAGISTRATE અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારી NAVSARI

( કેતન પી.જોષી )
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નવસારી

પ્રતિ,
મેનેજરશ્રી, સરકારી પ્રેસ વડોદરા.

૨/- ઉકત જાહેરનામાની ૨(બે) નકલો આ સહ સામેલ છે. જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ૫ (પાંચ) નકલો અત્રેની રેકર્ડ શાખાને મળે તે રીતે મોકલી આપવા વિનંતી સહ.

**નકલ સવિનય રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, ગુજરાત સરકાર, જુના સચિવાલય, ગાંધીનગર.
(૪) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, નવસારી
(૫) ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારી
(૬) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નવસારી.

**નકલ જયભારત સહ રવાના :-**

(૧) જયુડીશિયલ મેજીસ્ટ્રેટશ્રી(ફ.ક.) નવસારી / જલાલપોર / ગણદેવી / ચીખલી / વાંસદા
(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી.

૨/- આપની કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારૂં.

(૩) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નવસારી.
(૪) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારી / ચીખલી / વાંસદા.
(૫) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, નવસારી.
(૬) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નવસારી.
(૭) આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી, ચીખલી / વાંસદા.
(૮) મામલતદારશ્રી, નવસારી (શહેર / ગ્રામ્ય) / જલાલપોર / ગણદેવી / ચીખલી / વાંસદા / ખેરગામ.